# સદભાવના પહેલરૂપે ૧૫૧ ભારતીય માછીમારો મુક્ત

## બંને દેશો વચ્ચેના સંબંધો સુધરે તેવા સંકેત

કરાંચી, તા. ૨૫

પાકિસ્તાનના વડાપ્રધાન નવાઝ શરીફ આવતીકાલે મોદીની શપથવિધિમાં ભાગ લેવા માટે પહોંચી રહ્યા છે ત્યારે નવાઝ શરીફના આગમનના એક દિવસ પહેલા જ



પાકિસ્તાને સદભાવનાના ભાગરૂપે ૧૫૧ ભારતીય માછીમારોને મુક્ત કરી દીધા હતા. કરાંચીની મલીર જેલમાંથી ૫૯ અને સિંધ પ્રાંતની હૈદરાબાદની નારા જેલમાંથી ૯૨ ભારતીય માછીમારોને મુક્ત કરાયા છે. કરાંચીની મલીર જેલના અધિકારી સૈયદ નઝીર હુસૈને કહ્યું છે કે ગૃહ અને વિદેશ મંત્રાલયોના આદેશના આધાર ઉપર માછીમારોને મુક્ત કરવામાં આવ્યા છે. આમાંથી મોટાભાગના ગરીબ ભારતીય માછીમારો છે. પાકિસ્તાનની દરિયાઈ ક્ષેત્રનો ભંગ કરવા બદલ તેમને પકડી પાડવામાં આવ્યા હતા.

ભારતીય અધિકારીઓને આ માછીમારોને સોંપવામાં આવનાર છે. પહેલા જણાવવામાં આવ્યું હતું કે વધુ માછીમારોને છોડવામાં આવશે. ગયા વર્ષે ઓગષ્ટ મહિનામાં પાકિસ્તાને આશરે ૩૩૭ ભારતીય માછીમારોને મુક્ત કર્યા હતા. ત્યારબાદ દિવાળીના પ્રસંગે ૧૫ ભારતીય માછીમારોને મુક્ત કરવામાં આવ્યા હતા. આંકડા મુજબ વર્તમાન સમયમાં ૨૨૯ ભારતીય માછીમારો અને ૭૮૦ તેમની નૌકાઓ પાકિસ્તાનની કસ્ટડીમાં છે જ્યારે આશરે ૨૦૦ પાકિસ્તાની માછીમારો અને તેમની ૧૫૦ બોટ ભારતમાં છે. પાકિસ્તાનની સાથે સાથે ભારત પણ આવી પહેલ કરશે.

# શપથવિધી માટે લોખંડી સુરક્ષા વ્યવસ્થા

## મોદીની શપથવિધીને લઈ જમીનથી લઇને આકાશ સુધીની સુરક્ષા

નવી દિલ્હી,તા. ૨૫

નરેન્દ્ર મોદી આવતીકાલે દેશના વડાપ્રધાન તરીકેના શપથ લેનાર છે. આ હાઈ પ્રોફાઈલ શપથવિધી વેળા કોઈ પણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સાવચેતીના તમામ પગલા લેવામાં આવ્યા છે. શપથવિધીને લઈને સુરક્ષા જવાનોએ તેમની તમામ તૈયારી કરી લીધી છે. તમામ જગ્યાએ મોટી સંખ્યામાં જવાનો તૈનાત કરવામાં આવી ચુક્યા છે. જમીનથી લઈને આકાશ સુધીની સુરક્ષા ગોઠવી દેવામાં આવી છે.વિશ્વના કેટલાક દેશોના વડા અને ટોચના લોકો આમાં હાજરી આપનાર છે. જેના કારણે સમગ્ર દિલ્હીને લશ્કરી છાવણીને ફેરવી દેઈને તંત્ર સજ્જ છે. રાષ્ટ્રપતિ ભવનની આસપાસ અભૂતપૂર્વ સુરક્ષા ગોઠવી દેવામાં આવી છે. મોદીની શપથવિધી વેળા કોઈ પણ નીચાણમાં ઉડાંણ ભરનાર વિમાનની અવરજવરને ધ્યાનમાં રાખાવામાં આવશે. આના માટે એર ફોર્સના એર ડિફેન્સ સિસ્ટમને સક્રિય રાખવામાં આવી છે. દિલ્હીમાં હાઈ એલર્ટની જાહેરાત પહેલાથી જ કરવામાં આવી ચુકી છે. નામ જાહેર નહી કરવાની શરતે એક સુરક્ષા અધિકારીએ કહ્યું હતું કે પ્રજાસત્તાક દિવસની પરેડમાં જેટલી સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવે છે તેટલી જ સુરક્ષા ગોઠવી દેવામાં આવી છે. સાર્ક દેશોમાંથી આવનાર પ્રવાસી વડા અને તેમના પ્રતિનિધીઓના પ્રવેશ અને બહાર જવાના માર્ગને નિયંત્રિત કરવા માટે હાઈ સિક્યુરિટી ઝોન બનાવી દેવામાં આવ્યા છે. રાષ્ટ્રપતિ ભવન



તરફ દોરી જતા માર્ગો પર ભાંગફોડ વિરોધી ટુકડી તૈનાત કરવામાં આવી ચુકી છે. કોઈ પણ અનિચ્છનીય બનાવ ન બને તેની ખાતરી કરવાના પ્રયાસ કરવામાં આવી ચુક્યા છે. વડાપ્રધાનની ઓફિસ નોર્થ બ્લોક, સાઉથ બ્લોક જેવી નજીકની ઈમારતો ખાતે પહેલાથી અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી છે. રાષ્ટ્રપતિ ભવનની ઉપર અવકાશમાં નો ફલાય ઝોનની જાહેરાત કરવામાં આવી ચુકી છે. પરંતુ સુરક્ષા સંસ્થાઓ કોઈ પણ તક લેવા માંગતી નથી. કોઈ રડારમાં ન દેખાતા નાના વિમાનોને લઈને સુરક્ષા સંસ્થા સાવધાન છે. સરકારી સુત્રોએ માહિતી આપતા કહ્યું છે કે મોદીની શપથવિધીને નિહાળવા માટે આશરે ૪૦૦૦ ભારતીય અને વિદેશી પ્રતિનિધી પહોંચી રહ્યા છે. જેથી રાષ્ટ્રપતિ ભવનના પ્રાંગણમાં આ વિધીને સુરક્ષિતરીતે પાર પાડવા માટે સુરક્ષા સંસ્થાઓની મોટી જવાબદારી રહેશે. એક અંદાજ મુજબ આશરે ૫૦૦૦ જવાનો માત્ર રાષ્ટ્રપતિ ભવનની આસપાસ તૈનાત કરવામાં આવ્યા છે.

### ભારતીય સેના સંપૂર્ણ એલર્ટ છે : છત્રા

# ખીણમાં આ વર્ષે ઘુસણખોરી થઈ નથી : સેનાએ દાવો કર્યો

શ્રીનગર,તા. ૨૫

ભારતીય સેનાએ આજે દાવો કર્યો હતો કે પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાંથી આતંકવાદીઓની ખીણમાં આ વર્ષે કોઈપણ ઘુસણખોરી થઈ નથી. ભારતીય સૈનિકો બિલકુલ એલર્ટ છે. એલઓસી અને અન્ય વિસ્તારમાં કોઈપણ પડકારને પહોંચી વળવા માટે ભારતીય સેના સંપૂર્ણપણે તૈયાર છે. ટોચના લશ્કરી અધિકારી નોર્ધન કમાનના લેફ્ટી. જનરલ સંજીવ છત્રાએ કહ્યું હતું કે આ વર્ષે કોઈપણ પ્રકારની ઘુસણખોરી ખીણમાં પોક વિસ્તારમાંથી થઈ નથી. કાશ્મીરની બે દિવસની પોતાની યાત્રાને સમેટી લેનાર છત્રાએ કહ્યું હતું કે અંકુશરેખા ઉપર સંપૂર્ણપણે શાંતિ પ્રવર્તી રહી છે.

શાંતિની સાથે સાથે સાવચેતીના પગલા પણ લેવામાં આવી રહ્યા છે. આગામી થોડાક મહિનાઓમાં ઉભા થનાર પડકારોનો સામનો કરવા માટે ભારતીય સેના તૈયાર છે. આર્મી કમાન્ડરે કહ્યું હતું કે હાલમાં શાંતિ છે પરંતુ સેના કોઈપણ પડકારનો સામનો કરવા માટે તૈયાર છે. ઉનાળાના ગાળા દરમિયાન આતંકવાદીઓ દ્વારા હંમેશા સમસ્યાઓ ઉભી કરવામાં આવે છે. દરમિયાન, છત્રા રાજ્યપાલ એન.એન. વોરા અને મુખ્યમંત્રીને પણ મળ્યા હતા અને તેમને સુરક્ષા પરિસ્થિતિ અંગે વાકેફ કરાવ્યા હતા. અગાઉ દિવસમાં આર્મી કમાન્ડરે ૧૯૪૭ બાદથી દેશની સેવા માટે શહીદ થયેલા આશરે ૪૫૦૦ જવાનોને શ્રદ્ધાંજલિ આપી હતી. તેઓએ બદામીબાગ કેન્ટોનમેન્ટ વિસ્તારમાં ચીનાર કોર્પ વોર મેમોરીયલ ખાતે પુષ્પાંજલી આપી હતી. છત્રાએ કહ્યું હતું કે શહીદ જવાનોને પુષ્પાંજલી આપીને અમે ગર્વ અનુભવ કરી રહ્યા છીએ. આ શહીદ જવાનોએ દેશની સુરક્ષા અને અખંડતા માટે પ્રાણોની આહુતિ આપી હતી.

# બિહારને ખાસ દરજ્જો આપવા જીતન રામની જોરદાર માંગણી

પટણા, તા. ૨૫

બિહારના નવા મુખ્યમંત્રી જીતન રામે ફરી એકવાર બિહાર માટે ખાસ દરજ્જાનો મુદ્દો ઉઠાવ્યો છે. વડાપ્રધાન નિયુક્ત નરેન્દ્ર મોદી સાથે ફોન પર વાતચીત દરમિયાન જીતન રામે બિહાર માટે ખાસ દરજ્જાની માંગ કરી હતી. મોદીએ જીતન રામને નવા મુખ્યમંત્રી તરીકે શપથ લીધા બાદ શુભેચ્છા પાઠવી હતી. ફોન પર વાતચીત દરમિયાન આ મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. જ્યારે મોદીએ નીતિશકુમારની જગ્યાએ જીતન રામે શપથ લીધા ત્યારે ફોન કર્યો હતો. તે વખતે જીતન રામે મોદી સમક્ષ આ મુદ્દો ઉઠાવ્યો હતો. નવા મુખ્યમંત્રીએ મીડિયા સાથેની વાતચીત દરમિયાન કહ્યું હતું કે બિહાર માટે ખાસ દરજ્જાની માંગણી યથાવત રીતે જારી રહેશે.

બિહારના અગાઉના



મુખ્યમંત્રી નીતિશકુમાકે અનેક વખત બિહારક માટે ખાસ કેટેગરીના દરજ્જાની માંગણી કરી હતી. નીતિશકુમારની મુખ્ય માંગણી પૈકીની આ એક માંગણી હતી. જીતન રામે કહ્યું હતું કે જ્યારે મોદીએ તેમને અભિનંદન આપ્યા હતા ત્યારે આ મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. પોતાના પૂરોગામીના એજન્ડાને આગળ વધારવા માટે જીતન રામ ઉત્સુક છે. તેમણે કહ્યું હતું કે જો ખાસ દરજ્જા માટેની માંગ પૂર્ણ કરાશે નહીં તો આંદોલન ચલાવવામાં આવશે. નીતિશકુમારે સામાન્ય ચૂંટણી દરમિયાન જેડીયુના એજન્ડામાં આ મુદ્દાને સામેલ કર્યો હતો. બિહાર માટે ખાસ દરજ્જાની માંગણીને લઈને નીતિશકુમારે પટણા અને નવી દિલ્હીમાં બે મેગા રેલી કરી હતી.આ ઉપરાંત નીતિશકુમારે આંધ્રપ્રદેશના વિભાજન મારફતે અલગ સીમાન્ધ્રની રચના કરવામાં આવી ત્યારે ખાસ દરજ્જો આપવામાં આવતા બિહાર બંધની હાકલ કરવામાં આવી હતી. જીતન રામે કહ્યું હતું કે મોદીની શપથવિધિમાં ભાગ લેવા માટે તેમને આમંત્રણ આપવામાં આવ્યું હતું.

# એફઆઈઆઈ દ્વારા મેમાં ૧૪૦૦૦ કરોડ ઠલવાયા

નવી દિલ્હી,તા. ૨૫

વિદેશી મુડીરોકાણકારોનો વિશ્વાસ ભારતીય બજાર પર અકબંધ રહ્યો છે. આ મહિનામાં હજુ સુધી ભારતીય શેરબજારમાં વિદેશી રોકાણકારો દ્વારા ૧૪૦૦૦ કરોડનુ રોકાણ કર્યુ છે. નવી સરકાર આવતીકાલે સત્તારૂઢ થવા જઈ રહી છે ત્યારે નવી સરકાર પાસેથી વિદેશી રોકાણકારોને ભારે આશા છે. સિક્યુરિટીઝ એન્ડ એક્સચેંજ બોર્ડ પાસેથી પ્રાપ્ત આંકડામાં દાવો કરવામાં આવ્યો છે કે વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ બીજી મેથી ૨૩મી મે વચ્ચેના ગાળામાં ૮૪૭૭૭ કરોડની કિંમતના શેરની ખરીદી કરી છે. જ્યારે ૭૦૫૫૩ કરોડની કિંમતના શેરનુ વેચાણ કર્યુ છે. જેથી નેટ પ્રવાહનો આંકડો ૧૪૨૨૪ કરોડ સુધી પહોંચી ગયો છે. આની સાથે સાથે વિદેશી સંસ્થાકીય રોકાણકારો નવી સરકારમાં આશા ધરાવે છે. વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ ડેબ્ટ માર્કેટમાં પણ ૧૨૦૩૭ કરોડની રકમ ઠાલવી છે. માર્કેટ નિષ્ણાંતો માને છે કે વિદેશી રોકાણકારો નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપ સરકાર પાસેથી ખુબ અપેક્ષા રાખે છે. આ લોકો માની રહ્યા છે કે નવી સરકાર વધારે સુધારલક્ષી રહેશે. સાથે સાથે આર્થિક વિકાસની ગતિને વધારે ઝડપી બનાવશે. મજબુત રાજકીય પરિણામ હાંસલ કર્યા બાદ મોદી સરકાર નિર્ણય પણ ઝડપથી કરશે તેમ માનવામાં આવે છે. મોદીને દેશના મોટા ભાગના લોકો પહેલાથી જ વિકાસ પુરૂષ તરીકે ગણે છે. ઈક્વિટી માર્કેટના મુખ્ય ડ્રાઈવર તરીકે ગણાતા એફઆઈઆઈ દ્વારા રોકાણના કારણે શેરબજારમાં જોરદાર તેજી રહી છે. જેના કારણે સેન્સેક્સ મે મહિનામાં હજુ સુધી ૧૦ ટકાથી વધારે સુધરી જતા નવી આશા જાગી છે. નવી સરકાર કામગીરી સંભાળી લેશે ત્યારે હજુ પણ તેજી રહે તેવી શક્યતા છે.અત્રે નોંધનીય છે કે ચૂંટણી પરિણામના દિવસે એટલે કે ૧૬મી મેના દિવસે ઈન્ટ્રા ડે દરમિયાન સેન્સેક્સમાં ૧૪૦૦ પોઈન્ટનો ઉછાળો આવ્યો હતો અને સેન્સેક્સે ૨૫૦૦૦ની સપાટી કુદાવી હતી. તાજેતરના મહિનામાં વિદેશી પ્રવાહની સ્થિતી જોરદાર રહી છે. આ વર્ષે હજુ સુધી ભારતીય શેરબજારોમાં ૪૬૦૦૦ કરોડ ઠલવાયા છે.

# શરીફની યાત્રાનો શહીદના વિધવા દ્વારા વિરોધ કરાયો

મથુરા, તા. ૨૫

નરેન્દ્ર મોદીની શપથવિધિમાં ભાગ લેવા માટે નવાઝ શરીફને આમંત્રણ આપવામાં આવતા આનો જોરદાર વિરોધ કરવામાં આવ્યો છે. પાકિસ્તાની સૈનિકો દ્વારા જે ભારતીય જવાનના માથાને ઉડાવી દેવામાં આવ્યું હતું તે ભારતીય જવાન હેમરાજના વિધવાએ નવાઝ શરીફને આમંત્રણ અપાતા આનો જોરદાર વિરોધ કર્યો છે. શહીદ થયેલા ભારતીય જવાન હેમરાજના વિધવાએ આજે કહ્યું હતું કે પાકિસ્તાનના વડાપ્રધાને કાયરતાપૂર્વકના કૃત્ય બદલ માફી માંગવી જોઈએ અથવા તો આ બનાવની ટીકા કરવી જોઈએ. તેના પતિના માથાને પરત આપવાની માંગણી પણ કરવામાં આવી હતી. જાહેરમાં માફી માંગવાની રજુઆત કરવામાં આવી હતી.

હેમરાજના પત્ની ધર્મવતી દ્વારા આ મુજબની રજુઆત કરવામાં આવતા ચોક્કસ વર્ગોમાં નારાજગી શરૂ થઈ ગઈ છે. નવાઝ શરીફ સામે વાંધો ઉઠાવવામાં આવી રહ્યો છે. જમ્મુ-કાશ્મીરના પૂંચ સેકટકમાં ગયા વર્ષે ૮મી જાન્યુઆરીના દિવસે પાકિસ્તાની સૈનિકોએ હુમલો કર્યો હતો. આ હુમલા દરમ્યાન પાકિસ્તાની સૈનિકોએ એક ભારતીયનું માથું ઉડાવી દીધુ હતું.

# નવજાત શિશુના દિમાગનો માતાના વર્તન સાથે સંબંધ

નવી દિલ્હી,તા. ૨૫

નવજાત શિશુના તેજ દિમાગના માતાના વર્તન સાથે સંબંધ છે. હાલમાં જ માતા બનેલી મહિલાઓને ધ્યાન આપવાની ખાસ જરૂર છે. જાણવા મળ્યું છે કે, નવજાત શિશુ અને બાળકો પ્રત્યે હકારાત્મક સહકારની ભાવના બાળકાનો દિમાગને શાર્પ અથવા તો તેજ બનાવે છે. બાળકો પ્રત્યે હકારાત્મક સહકારની ભાવનાથી લાઈફમાં આ બાળકો ટેન્શનથી દૂર રહે છે. આ વાત એક અભ્યાસમાં જાણવા મળી છે. વોશિંગ્ટન યુનિવર્સિટીના સંશોધકો દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં જણાવા મળ્યું છે કે, જે મહિલાઓ પોતાના નવજાત બાળકો પ્રત્યે વધારે શિસ્તમાં રહે છે અને વધારે વ્હાલ બાળકોને કરે છે તે બાળકો વધારે તેજ દિમાગ વાળા રહે છે.

આવા બાળકોના દિમાગના હિપ્પોકેમ્પસ ક્ષેત્રમાં વધારે નર્વ કોષ બને છે. જેનાથી બાળકો હોંશિયાર બને છે. હિપ્પોકેમ્પસના સીધા સંબંધ યાદશક્તિ અને ભાવના ઉપર આધારિત હોય છે. માતાના વ્યવહારથી બાળકોના બ્રેઈનના કદમાં વધારો થાય છે કે, કેમ તે બાબત સાબિત થઈ શકી નથી. પરંતુ હકારાત્મક વ્યવહાર બ્રેઈનના વિકાસમાં મહત્વપૂર્ણ હોય છે. સંશોધકોએ ૯૨ બાળકો પર પ્રીસ્કૂલથી લઈને ગ્રેડ સ્કૂલ સુધી અભ્યાસની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી હતી.

સંશોધકોએ બાળકો સાથે માતાપિતાના સહકારના સ્તરની ચકાસણી કરવામાં આવી હતી. આમાં સાતથી ૧૩ વર્ષના બાળકોને લેવામાં આવ્યા હતા. બાળકોના માતાપિતાને આ અભ્યાસ અંગે માહિતી આપવામાં આવી ન હતી. અભ્યાસમાં જાણવા મળ્યું કે, જે બાળકોમાં પહેલાથી જ ટેન્શનની સ્થિતિ હતી તે બાળકોની યાદશક્તિ ઓછી રહી છે.

# મોદીની શપથવિધિમાં જયા હાજર નહીં રહે

નવી દિલ્હી , તા. ૨૫

તમિલનાડુના મુખ્યમંત્રી જયલલિતા આવતીકાલે નરેન્દ્ર મોદીની શપથવિધિમાં ભાગ લેનાર નથી. મોદીની શપથવિધિનો બહિષ્કાર કરવાની તૈયારી જયલલિતાએ દર્શાવી છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, જયલલિતા કાર્યક્રમ માટે પોતાના કોઈ પ્રતિનિધિને પણ મોકલનાર નથી.

તમિલનાડુના મુખ્યમંત્રીએ અગાઉ શ્રીલંકાના પ્રમુખ રાજાપકસેને આમંત્રણ આપવામાં આવતા નારાજગી વ્યક્ત કરી હતી. રાજપકસેને આમંત્રણ અપાતા જયલલિતા નારાજ થયેલા છે. ભારતમાં રહેતા તમિલ લોકોની ભાવનાને ધ્યાનમાં લેવામાં આવી નથી તેવો આક્ષેપ કરવામાં આવ્યો છે. કેન્દ્રમાં સત્તા પરિવર્તન હવે થઈ રહ્યું છે.

### શબ્દ સમીપે... (પાના નં.૪નું ચાલુ)

હઇસો.. હઇસો... કાવ્યસંગ્રહના કવિ ઓમ પ્રકાશ ગંગાદાસજી ઉદાસીનો જન્મ તા. ૩૦/૦૮/૧૯૫૩ ના અમદાવાદ જિલ્લાના ધોળકા મુકામે થયેલ છે. ડીપ્લોમાં ઇન જર્નાલીઝમમાં સુવર્ણચંદ્રક પ્રાપ્ત કરનારા કવિ તો હિન્દી કાવ્ય સંગ્રહ 'કિસી ઔર હી તરહ' પર પ્રસંસા અને પારિતોષિક પામ્યો છે. તે ઉપરાંત 'ઉદાસીન સંપ્રદાય' દયાનંદ સરસ્વતી અંગેની તેમની પુસ્તિકાઓ પ્રકાશિત થયેલી છે. તેઓ જનસત્તા, સંદેશ અને શિષ્ટ સામયિકોમાં સાંપ્રત લેખો અને કોલમો લખે છે. ઘટનાપ્રધાન સંવેદનશીલ કાવ્યસંગ્રહ આપવા બદલ હું તેમને અભિનંદન પાઠવું છું અને આવકારું છું.

**હઇસો... હઇસો... (કાવ્યસંગ્રહ)**
**લેખક - ઓમપ્રકાશ ઉદાસી**
**પ્રકાશક - પોતે**
**૪, જયંતિ એપાર્ટમેન્ટ, ગુરૂકુલ રોડ, અમદાવાદ-૫૨**
**કિંમત - રૂા. ૬૦/-**

# મોડેથી લગ્ન પણ કેન્સર માટે કારણ બની શકે છે

નવી દિલ્હી,તા. ૨૫

આધુનિક સમયમાં મહિલાઓ કેરિયરને વધુ મહત્વ આપવાના હેતુથી મોડેથી લગ્ન કરે છે પરંતુ મોડેથી લગ્ન કરવાના ફેસલાથી કેટલાક નુકસાન પણ થઈ શકે છે. મોડેથી લગ્ન કરવાની બાબત પણ કેન્સરને આમંત્રણ આપી શકે છે. નિષ્ણાંતોનું કહેવું છે કે આધુનિક સમયમાં યુવતીઓ શિક્ષણની સાથે સાથે પોતાના કેરિયરને લઈને વધારે સાવધાન રહે છે. આ જ કારણસર મોટીવયમાં લગ્ન કરનાર યુવતીઓની સંખ્યામાં દિનપ્રતિદિન વધારો થઈ રહ્યો છે. જાણીતા કેન્સર નિષ્ણાંત અને એશિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ મેડિકલ સાયન્સના ચેરમેન એન કે પાંડેનું કહેવું છે કે મોડેથી લગ્ન થવાના કારણે સ્તન કેન્સર થવાનો ખતરો વધી જાય છે. હાર્મોન્સના બિનસંતુલનના કારણે મોડેથી સ્તનપાનના લીધે પણ આવું બની શકે છે. પાંડેના જણાવ્યા મુજબ ખાનગી અનુભવમાં જાણવા મળ્યું છે કે તાજેતરના વર્ષોમાં મોડેથી લગ્ન કરનાર મહિલાઓમાં કેન્સરના કેસો વધી રહ્યા છે. પાંડે અને અન્ય કેન્સર નિષ્ણાંતોનું પણ કહેવું છે કે સરકારને કેન્સર ઉપર અંકુશ મેળવવા માટે પગલાં લેવા જોઈએ. જો તાત્કાલિક ધોરણે પગલાં લેવામાં આવશે નહીં તો આ રોગ ભારતમાં ચિંતાજનક રીતે વધી જશે.

# ચૂંટણીમાં એએપીના ૪૧૪ ઉમેદવારોની ડિપોઝીટ ડુલ

નવી દિલ્હી, તા.૨૫

આમ આદમી પાર્ટીના નેતા અને દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ દસ હજાર રૂપિયાના જામીન બોન્ડ જમા કરવાનો ઈન્કાર કરી રહ્યા છે પરંતુ લોકસભાની ચૂંટણીમાં તેમની પારકટી એએપીએ એક કરોડ રૂપિયા ગુમાવી દીધા છે. ચૂંટણી ડિપોઝીટ તરીકે આ જંગી રકમ ગુમાવવામાં આવી છે. દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં શાનદાર જીત મેળવ્યા બાદ ૪૯ દિવસ સુધી સરકાર ચલાવીને કેજરીવાલે મુખ્યમંત્રી તરીકે રાજીનામું આપી દીધું હતું. ત્યારબાદ કેજરીવાલે મોટા લોકસભા ચૂંટણીની તૈયારી હાથ ધરી હતી. આના ભાગરૂપે જ એએપી દ્વારા લોકસભાની ચૂંટણીમાં ૪૩૨ લોકસભા બેઠકો પર પોતાના ઉમેદવારને મેદાનમાં ઉતાર્યા હતા. પરંતુ આમ આદમી પાર્ટીની હાલત કફોડી થઈ હતી. આમ આદમી




પાર્ટીના ૪૧૪ જેટલા ઉમેદવારોએ તેમની ડિપોઝીટ ગુમાવી દીધી છે. એએપીને ૧ કરોડનો ફડકો પડ્યો છે. લોકસભાની દેશભરમાં કુલ ૫૪૩ બેઠકો છે જેપૈકી આમઆદમી પાર્ટીએ ૪૩૨ ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા હતા. પરંતુ આ ૪૩૨ ઉમેદવાર પૈકી ૪૧૪ ઉમેદવારનો ફ્લોપ શો રહ્યો છે. તેમની ડિપોઝીટ પણ જાળવી શક્યા નથી.એએપીના ઉમેદવારમાત્ર ૧૮ બેઠકો ઉપર જ તેમની ડિપોઝીટ જાળવી શક્યા છે. જે પૈકી પંજબમાં ૮ બેઠકોનો સમાવેશ થાય છે. એએપીએ ચાર બેઠકો પર પંજાબમાં જીત મેળવી હતી. દિલ્લીમાં ૭ અને ચંદીગઢ, મહારાષ્ટ્ર અને ઉત્તરપ્રદેશમાં એક એક બેઠક ઉપર એએપીના ઉમેદવારો તેમની ડિપોઝીટ બચાવી શક્યા છે. ૪૧૪ બેઠકો ઉપર એએપીના ઉમેદવારોએ તેમની ડિપોઝીટ ગુમાવી છે. આનો મતલબ એ થયો કે આ ઉમેદવારો કુલ પડેલા મત પૈકીના છઠ્ઠા ભાગના મત પણ મેળવી શક્યા નથી. આંકડામાં જણાવવામાં આવ્યું છે કે લોકસભાની ચૂંટણીમાં મેદાનમાં ઉતરવા માટે ૨૫૦૦૦ રૂપિયાની સિક્યુરિટી ડિપોઝીટ લેવામાં આવે છે. લોકપ્રતિનિધિત્વ ધારા ૧૯૫૧ની કલમ ૩૪(એ)(૧)એ હેઠળ સિક્યુરિટી ડિપોઝીટ જમા કરવી પડે છે. જોકે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ઉમેદવારોને ૧૨,૫૦૦ રૂપિયાની સિક્યુરિટી ડિપોઝીટ જમા કરવી પડે છે. જો કોઈ ઉમેદવાર છઠ્ઠા ભાગના મત પણ મેળવી ન શકે તો આ રકમ તેમને મળતી નથી અને રકમ તિજોરીમાં જાય છે. એએપીએ ૪૧૪ બેઠકો ઉપર ડિપોઝીટ ગુમાવી છે.

## સમાચાર ઝલક

- ઉત્તરપ્રદેશમાં એક મુસ્લિમ વ્યક્તિએ હાઇબ્રીડ કેરીનું નવું નામ નમો આપ્યું.
- સૌરાષ્ટ્ર-કચ્છ-દક્ષિણ ગુજરાતમાં અગનવર્ષા, ૪૩ ડિગ્રી તાપમાન.
- યુક્રેનમાં રાષ્ટ્રપતિ નિયુક્તિની ચૂંટણી યોજાશે.
- સુરતનાં હવાલાં કૌભાંડમાં વધુ એક વ્યક્તિની મહારાષ્ટ્રથી ધરપકડ.
- કીડનીના દર્દીઓ માટે અધતન ડાયાલીસીસ સેન્ટર ખુલ્લુ મુકાયું.
- અમદાવાદમાં તમાકું વિરોધી રેલીનું પ્રસ્થાન કરાવતાં મેયર શ્રીમતી મિનાક્ષી પટેલ.
- શ્રીલંકાનાં રાષ્ટ્રપતિ મહિન્દ્રા રાજપક્ષે શ્રીલંકાની જેલોમાં બંધક ભારતીય માછીમારોને છોડવાનાં આદેશ આપ્યા.
- વારાણસી-વડોદરામાં નરેન્દ્ર મોદીનાં પ્રસ્તાવકોને વડાપ્રધાન શપથવિધિમાં આમંત્રણ.
- નરેન્દ્ર મોદી રાજઘાટ પર જઇ ગાંધી બાપુને શ્રદ્ધાંજલિ આપશે.
- મોરબીમાં સિરામિક ઉધોગના કેટલાંક કારખાનાઓમાં વાયુપ્રદૂષણ બાબતે કાર્યવાહી કરવામાં આવી.
- ફિલ્મ ડાયરેક્ટર કરણ જોહરે પોતાનો જન્મદિવસ ઉજવ્યો.
- ગ્રહોનાં અદ્દભૂત સંયોગ વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની શપથવિધિ થશે.
- બનાવટી ચલણી નોટો બનાવવાનું કારખાનું અમદાવાદમાંથી ઝડપાયું.
- સરહદો પર ચાંપતો બંદોબસ્ત અને સચેત રહેવા આદેશ.
- કાનપુરમાં કાપડની ફેક્ટરીમાં ભીષણ આગ.
- તા. ૨૭મીએ સાર્ક દેશોનાં વડાઓ સાથે શ્રેણીબદ્ધ મંત્રણાઓ યોજાશે.
- પશ્ચિમ બંગાળમાં વાવાઝોડાથી ભારે તારાજી.